**વર્ષ ૨૦૨૦-૨૧ની નવી બાબત.**

ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમમાં શેરમૂડી, મેચીંગ ફાળો અને વહીવટી ખર્ચ માટે કુલ રૂ.૧૮૫.૩૦ લાખ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

**ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૨૦/૫૨૮૨૮/છ.૧**

સચિવાલય, ગાંધીનગર

તા.૦૩/૦૭/૨૦૨૦.

**વંચાણે લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૭/૦૫/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૧૭/૮૦૯૪૩/ન.બા.૧૦/છ.૧.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૬/૧૨/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૨૦૧૭/૪૯૭૯૭૬/છ.૧.

(૩) નેશનલ હેન્ડીકેપ ફાયનાન્સ એન્ડ ડેવલોપમેન્ટ કોર્પોરેશનના પત્ર D.O.No.NHF/1/3/Notional Allocation/2017/1569, Dated-23/04/2019.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૧૫/૦૪/૨૦૨૦નો પત્રનં.યજન/નવી બાબત-વહી.મંજુરી/૨૦-૨૧/૭૯.

**આમુખ-**

ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસની રચના કરવા માટે વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૭/૦૫/૨૦૧૭ના ઠરાવથી મહેકમ ઉભું કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૧૬/૧૨/૨૦૧૯ના ઠરાવથી ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે અને નિગમના આર્ટીકલ્સ ઓફ એસોશિયેશન અને મેમોરેન્ડમ ઓફ એસોશિયેશન બહાર પાડવામાં આવેલ છે જેમાં નિગમની શેરમુડી રૂ.૧૦ના એક કરોડના શેરમાં વિભાજીત કરવામાં આવેલ છે, જે મુજબ વર્ષ ૨૦૨૦-૨૧ના વર્ષમાં રૂ.૧૦.૦૦ કરોડની જોગવાઈ કરવા અને પ્રથમ વર્ષે રૂ.૧.૦૦ કરોડની ફાળવણી કરવા બાબતે વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

ભારત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય હેઠળના રાષ્ટ્રીય નિગમ નેશનલ હેન્ડીકેપ્ડ ફાયનાન્સ એન્ડ ડેવલોપમેન્ટ કોર્પોરેશન (રાષ્ટ્રીય વિકલાંગ નાણા અને વિકાસ નિગમ) **(NHFDC)**, નવી દિલ્હીની રાજ્યના તમામ વર્ગના વિકલાંગ વ્યક્તિઓને મુદતી ધિરાણ, શૈક્ષણિક હેતુ માટે ધિરાણ, માઇક્રો ફાયનાન્સ જેવી યોજનાઓ

હેઠળ ધિરાણ આપે છે અને નેશનલ હેન્ડીકેપ્ડ ફાયનાન્સ એન્ડ ડેવલોપમેન્ટ કોર્પોરેશનના વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના તા.૨૩/૦૪/૨૦૧૯ના D.O. થી Notional Allocation of NHFDC funds for 2019-20 માં રૂ.૪.૯૦ કરોડ મંજુર કરેલ છે, જે મુજબ વર્ષ-૨૦૨૦-૨૧માં રૂ.૪.૯૦ કરોડ મુજબ રાજય સરકારના મેચિગ ફાળો ૫% લેખે કુલ રૂ.૨૪.૫૦ લાખ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૭/૦૫/૨૦૧૭ના ઠરાવથી ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમમાં કુલ- ૪ સંવર્ગનું મહેકમ અને એક ડેટા એન્ટ્રી ઓપરેટર આઉટસોર્સથી સેવા લેવા બાબતે મંજૂરી આપવામાં આવેલ છે, જેથી નિગમના મહેકમ, આઉટસોર્સની સેવાઓનો ખર્ચ અને લાઇટ, બિન-સરકારી સભ્યશ્રીઓના અને કર્મચારીઓના પ્રવાસ ભથ્થા અને ગાડી ભાડા, કન્ટીજન્સી અન્ય પરચુરણ ખર્ચ બાબતે નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ વહીવટી ખર્ચ પેટે કુલ રૂ.૬૦,૮૦,૦૦૦/- ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

| ક્રમ | વિગત | અંદાજીત ખર્ચ |
|---|---|---|
| ૧ | કર્મચારી પગાર ( એપ્રિલ-૨૦૨૦ થી અને માર્ચ-૨૦૨૧) | ૨૯,૦૦,૦૦૦/- |
| ૨ | આઉટ સોર્સ ડેટા એન્ટ્રી ઓપરેટર સેવા (રૂ.૧૫,૦૦૦ લેખે ૧૨ મહિનાના) | ૧,૮૦,૦૦૦/- |
| ૩ | કચેરી ખર્ચ (લાઇટ, બિન સરકારી સભ્યશ્રીઓના અને કર્મચારીઓના પ્રવાસ ભથ્થા અને ગાડી ભાડા, કન્ટીજન્સી અન્ય પરચુરણ ખર્ચ) | ૩૦,૦૦,૦૦૦/- |
| | કુલ વહીવટી ખર્ચ રૂ. | ૬૦,૮૦,૦૦૦/- |

ઉક્ત વિગતે નીચેના કોષ્ઠકમાં દર્શાવ્યા મુજબ ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમમાં શેરમૂડી, મેચીંગ ફાળો અને વહીવટી ખર્ચ માટે કુલ રૂ.૧૮૫.૩૦ લાખ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબતની વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

| ક્રમ | વિગત | અંદાજીત ખર્ચ |
|---|---|---|
| ૧ | શેરમુડી | ૧,૦૦,૦૦,૦૦૦/- |
| ૨ | રાજય સરકારનો મેચિંગ ફાળો | ૨૪,૫૦,૦૦૦/- |
| ૩ | વહીવટી ખર્ચ | ૬૦,૮૦,૦૦૦/- |
| | કુલ રૂ. | ૧,૮૫,૩૦,૦૦૦/- |

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૪) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમમાં શેરમૂડી, મેચીંગ ફાળો અને વહીવટી ખર્ચ માટે કુલ રૂ.૧૮૫.૩૦ લાખ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આથી નીચેની વિગતે તેમજ નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

| ક્રમ | વિગત | અંદાજીત ખર્ચ |
|---|---|---|
| ૧ | શેરમુડી | ૧,૦૦,૦૦,૦૦૦/- |
| ૨ | રાજ્ય સરકારનો મેચિંગ ફાળો | ૨૪,૫૦,૦૦૦/- |
| ૩ | વહીવટી ખર્ચ | ૬૦,૮૦,૦૦૦/- |
| | કુલ રૂ. | **૧,૮૫,૩૦,૦૦૦/-** |

વિભાગના તા.૧૬/૧૨/૨૦૧૯ના ઠરાવથી ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે અને નિગમના આર્ટીકલ્સ ઓફ એસોશિયેશન અને મેમોરેન્ડમ ઓફ એસોશિયેશન બહાર પાડવામાં આવેલ છે જેમાં નિગમની શેરમુડી રૂ.૧૦ના એક કરોડના શેરમાં વિભાજીત કરવામાં આવેલ છે, જે મુજબ વર્ષ ૨૦૨૦-૨૧ના વર્ષમાં પ્રથમ વર્ષે રૂ.૧.૦૦ કરોડની ફાળવણી કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

ભારત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય હેઠળના રાષ્ટ્રીય નિગમ નેશનલ હેન્ડીકેપ્ડ ફાયનાન્સ એન્ડ ડેવલોપમેન્ટ કોર્પોરેશન (રાષ્ટ્રીય વિકલાંગ નાણા અને વિકાસ નિગમ) (NHFDC), નવી દિલ્હીની રાજ્યના તમામ વર્ગના વિકલાંગ વ્યક્તિઓને મુદતી ધિરાણ, શૈક્ષણિક હેતુ માટે ધિરાણ, માઇક્રો ફાયનાન્સ જેવી યોજનાઓ હેઠળ ધિરાણ આપે છે અને નેશનલ હેન્ડીકેપ્ડ ફાયનાન્સ એન્ડ ડેવલોપમેન્ટ કોર્પોરેશનના તા.૨૩/૦૪/૨૦૧૯ના D.O. થી Notional Allocation of NHFDC funds for 2019-20 માં રૂ.૪.૯૦ કરોડ મંજુર કરેલ છે, જે મુજબ વર્ષ- ૨૦૨૦-૨૧માં રૂ. ૪.૯૦ કરોડ મુજબ રાજ્ય સરકારના મેંચિગ ફાળો ૫% લેખે કુલ રૂ.૨૪.૫૦ લાખ ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

વિભાગના તા.૧૭/૦૫/૨૦૧૭ના ઠરાવથી ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમમાં કુલ- ૪ સંવર્ગનું મહેકમ અને એક ડેટા એન્ટ્રી ઓપરેટર આઉટસોર્સથી સેવા લેવા બાબતે મંજુરી આપવામાં આવેલ છે, જેથી નિગમના મહેકમ, આઉટસોર્સની સેવાઓનો ખર્ચ અને લાઇટ, બિન-સરકારી સભ્યશ્રીઓના અને કર્મચારીઓના પ્રવાસ ભથ્થા અને ગાડી ભાડા, કન્ટીજન્સી અન્ય પરચુરણ ખર્ચ કરવા અંગે નીચેના કોષ્ઠકમાં દર્શાવ્યા મુજબ વહીવટી ખર્ચ પેટે કુલ રૂ.૬૦,૮૦,૦૦૦/- ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | વિગત | અંદાજીત ખર્ચ |
|---|---|---|
| ૧ | કર્મચારી પગાર ( એપ્રિલ-૨૦૨૦ થી અને માર્ચ-૨૦૨૧) | ૨૯,૦૦,૦૦૦/- |
| ૨ | આઉટ સોર્સ ડેટા એન્ટ્રી ઓપરેટર સેવા (રૂ.૧૫,૦૦૦ લેખે ૧૨ મહિનાના) | ૧,૮૦,૦૦૦/- |
| ૩ | કચેરી ખર્ચ (લાઇટ, બિન સરકારી સભ્યશ્રીઓના અને કર્મચારીઓના પ્રવાસ ભથ્થા અને ગાડી ભાડા, કન્ટીજન્સી અન્ય પરચુરણ ખર્ચ) | ૩૦,૦૦,૦૦૦/- |
| | કુલ વહીવટી ખર્ચ રૂ. | ૬૦,૮૦,૦૦૦/- |

<u>શરતો</u>-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો-પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિંત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતીની જોગવાઈનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ અને ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ યોજના અન્વયે મંજુર થયેલ મહેકમ વધુ સમય ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજુ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૧) ઉક્ત નવી બાબતની વહીવટી મંજૂરી અન્વયે નાણા વિભાગના કરકસર અંગેના તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્ર.ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ-૧થી અપાયેલ સુચનાઓ અનુસાર ખર્ચ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૧૨) આ અંગેનો ખર્ચ નીચેના કોષ્ઠકમાં જણાવ્યા મુજબના બજેટ સદર હેઠળ પાડવાનો રહેશે.

| Sr. No. | Details of New Sub Head |
|---|---|
| 1 | 92 : 2235 : 02 : 190 : 01-SSW-24 : Gujarat State Handicapped (Divyang) Finance & Development Corporation. |
| 2 | 92 : 4235 : 02 : 190 : 01-SSW-25 : Gujarat State Handicapped (Divyang) Finance & Development Corporation - ( Share Capital ) |
| 3 | 92 : 6235 : 02 : 190 : 01-SSW-26 : Loans to Gujarat State Handicapped (Divyang) Finance & Development Corporation for matching share in National Handicapped Finance & Development Corporation. |

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૫/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

patelDC

(ડી. સી.પટેલ)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની કચેરી, ૬ઠ્ઠો માળ, બ્લોક નં.૧, એ-૧ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા).
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.